

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**પરમના પરમ કૃપાપાત્ર વહાલા અક્ષરમુક્તો !**

આજે ગુરુપૂર્ણિમા... ગુરુપૂજનનો મહિમાવંતો દિવસ.

યોગીબાપા કહે, ગુરુમાં નિર્દોષભાવ, દિવ્યભાવ રાખવો એ ગુરુપૂજન... આપણે એવું ગુરુપૂજન કરવાનું છે.

અનાદિ ગુરુ ગુણાતીત ને તેમના અસલી સ્વરૂપ યોગીબાપાને આપણે જોયા... અનુભવ્યા... ને દર્શન કર્યાં છે... તેઓએ આપણને તેવા દિવ્ય સત્પુરુષ પ.પૂ. સાહેબમાં જોડ્યા છે ને પ.પૂ. પપ્પાજી-કાકાજી-હરિપ્રસાદ સ્વામીજી-પ્રમુખ સ્વામીજી આદિનો પણ દિવ્ય અનુભવ કરાવ્યો છે. તેઓના જીવનને નજીકથી જોયું છે ને રાજી કરવાનો નિશ્ચય કર્યો છે. આજે આ પરમ પાવન મંગલ પર્વે તે નિશ્ચયને દૃઢ કરવો છે ને તેઓના જીવન-ઉપદેશને સ્વીકારી પ્રતિપળ જાગ્રત થઈ જીવી લેવું છે.

યોગીબાપાનું જીવન એક સાચા સાધુનું જીવન હતું... પરમ ગુણાતીત સ્વરૂપનું જીવન હતું જે આજે પણ આપણને સૌને સાધના માર્ગે દોરે છે. તેઓના ઉપદેશને વિચારીએ ને આપણા જીવન સાથે સરખાવીએ... જ્યાં ક્ષતિ માલૂમ પડે ત્યાં સુધારવા ને ઉપદેશને અનુસરવા દૃઢાવ કરીએ.

આપણે નિર્દોષબુદ્ધિ રાખવી... દાસ થવું. ભગવાનના ભક્તો, ભગવાનનાં સ્વરૂપો... તેમના દાસ થવું એટલે... નાનામાં નાનો હરિભક્ત માથાનો મુગટ છે તેમ માનવું. બાપા કહે, 'મને ૫૦ વરસ સત્સંગમાં થયાં. કોઈ દિવસ કોઈ સત્સંગી-નાનામાં નાનો હોય, થાથાથાબડા જેવો હોય, કાંઈ ન આવડતું હોય, તેનો પણ અભાવ આવ્યો નથી. વિરોધી હોય, ગમે તેવો હોય તો પણ અભાવ આવ્યો નથી...' 'મને નાનામાં નાના સત્સંગીનો અભાવ કોઈ દી' આવે નહિ. ઈ દેખાય જ નહિ ! દેખાવા દઉં નહીં; બ્રહ્મની મૂર્તિ દેખું. માયિકભાવ આવે નહિ. ચૈતન્યમૂર્તિ સમજું.'

આપણે આપણા જીવન સામે જોવાનું છે. મુક્તો સાથે કેટલું દાસભાવે વર્તાય છે... તેઓની ક્ષતિઓ કેટલી નજરમાં આવે છે ને કેટલી માફ કરાય છે. બાપાએ શબ્દ વાપર્યો છે... 'દેખાવા દઉં નહિ...' એ જાગ્રતતાનો શબ્દ છે... દોષ હોય પણ દેખાવા દેવો નહિ ત્યાં આપણે લડત લેવી પડે છે. માહાત્મ્યના વિચાર કરવા પડે છે ને ગુણ જોવા પડે છે.

દાસ છે તેનો સ્વરૂપ સાથેના – ગુરુ સાથેના સંબંધ વિષે બાપા કહે છે... 'ઈષ્ટદેવનાં દર્શન ગમે, ઈષ્ટદેવની ક્રિયા ગમે, પોતાના ઈષ્ટદેવનો સ્વભાવ ગમે, પોતાના ઈષ્ટદેવ પાસે રહેવું ગમે...' આપણને સાહેબની સર્વ ક્રિયા – સ્વભાવ – દર્શન ગમે ને સાથે રહેવું ગમે તે ત્યારે થાય જ્યારે આપણે તેમને આપણો આત્મા માનીએ અને પૂર્ણ સ્વરૂપે સમર્પણભાવ દૃઢ કરીએ. તેઓના વચનનો પૂર્ણ રીતે સ્વીકાર અને તે રીતે વર્તવાનો આગ્રહ... અનિવાર્ય છે. તેઓના પ્રત્યે દિવ્યભાવમાં કંઈક પણ કસર હશે ત્યાં સુધી તેઓ સાથેનો અદ્વૈતભાવ દૃઢ થતો નથી ને તેઓ સાથે અંતરાય રહે છે. તે અંતરાય ટાળવો છે ને તેમની અનુવૃત્તિને આપણું જીવન બનાવવું છે. તેઓની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે બાપાને શાસ્ત્રીજી મહારાજ પ્રતિ જે ભાવ હતો તે આપણે સાહેબ પ્રતિ દૃઢ કરવાનો છે.

બાપા કહે, 'શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે. પણ આપણા મનનું ધાર્યું કર્યું નથી... તે સ્વામી અતિશય રાજી થયા છે ને અત્યારે દર્શન દે છે ને સુખ આપે છે...'



આપણી પ્રતિપળની ક્રિયા તેઓની ઈચ્છા પ્રમાણે જ થાય... આપણે આપણા મનને તેઓની ઈચ્છા પ્રમાણે વર્તાવવાનું છે, આપણા મનમાં ઊઠતા સર્વ ઘાટ-સંકલ્પોનો નિષેધ કરવાનો છે ને સાહેબ રાજી થાય તેવા વિચારમાં આપણા તંત્રને પ્રવૃત્ત કરવાનું છે. સવારથી સાંજ સુધીની પ્રવૃત્તિમાં કેટલી તેમની ઈચ્છા પ્રમાણે કરીએ છીએ ને કેટલી મનમુખી–આપણને ગમતી કરીએ છીએ તે વિચારતા રહેવાનું છે... મનમુખી મૂકવાનો આગ્રહ રાખવાનો છે ગુરુમુખી બનવા દઢતા કરવાની છે.

આપણું મન, દેહ બંને તેઓના ગમતામાં વર્તાવીશું તેટલાં જ નિર્ગુણ બનશે... બાપા પોતે કહે છે... 'અમે સં. ૧૯૬૯માં શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા. સં. ૨૦૦૭માં સ્વામી ધામમાં ગયા ત્યાં સુધી સ્વામીની એકધારી આજ્ઞા પાળી રાજી કર્યા.' આ વાક્ય વિચાર માગી લે તેવું છે. ૩૮ વર્ષ સુધી બાપાએ એકધારી આજ્ઞા પાળી છે. એકધારી એટલે આજ્ઞા પાળવામાં બુદ્ધિ કદી આડી આવી નથી. સંપૂર્ણ સમર્પણભાવ. ગુરુ સાથે પૂર્ણ દિવ્યભાવનું જોડાણ. આપણે આ દઢ કરવાનું છે. આપણને દિવ્યભાવ રાખવામાં જેટલી બુદ્ધિ આડે આવે છે તેટલી સંબંધમાં કસર છે તે ટાળવા આજે સંકલ્પ કરવાનો છે. બાપાએ ૩૮ વર્ષ સુધી સાધના કરી છે ને ક્ષણવાર પણ મનમુખી વર્ત્યા નથી ત્યાં આપણે આપણા જીવન અને વર્તન સાથે આપણી પ્રવૃત્તિ સામે જોવાનું છે – વિચારવાનું છે ને સંપૂર્ણ ગુરુમુખી બનવા આગ્રહ રાખવાનો છે.

આજે એક વાત સ્પષ્ટ સમજી લઈએ... આપણને સુખ નથી આવતું... સંપૂર્ણ દિવ્યભાવ નથી રહેતો... ખટપટ માથાકૂટમાં પડી જવાય છે... અહંભાવનો પક્ષ કરાય છે કે મુક્તો સાથે રસબસ નથી થવાતું તે સર્વનું કારણ આપણા ગુરુદેવ સાથેના સંબંધમાં કસર છે. તેઓના સર્વોપરીપણાના સ્વીકારમાં કસર છે. આ કસર ટાળવા આપણે સંકલ્પ કરવાનો છે ને તેઓ સાથેના સંબંધની દઢતા માટે પ્રાર્થના કરવાની છે...

હે મહારાજ ! હે સ્વામી ! હે શાસ્ત્રીજી મહારાજ ! હે યોગીબાપા ! હે સાહેબ ! હે પ્રભુનાં પ્રત્યક્ષ સ્વરૂપો !

અમને આપની સાથેના દિવ્ય સંબંધની દઢતા કરાવો... આપની આજ્ઞા પ્રમાણે જ તંત્રને વાપરી શકીએ તે જાગ્રતતા આપો. આપના સંબંધવાળામાં આપનું દર્શન કરાવો. અમારો અહંભાવ મૂકવા... મુક્તોનું માહાત્મ્ય સમજવા ને દિવ્યભાવે સેવા કરી લેવા શક્તિ ને સમજણ આપો.

આજે ગુરુપૂર્ણિમાના મંગલ પર્વે આપનામાં દિવ્યભાવ અને નિર્દોષભાવ રાખવા અમે સજાગ રહી અને અમારાં ઈન્દ્રિયો-અંતઃકરણને વર્તાવવારૂપી સંકલ્પની દઢતા કરી આપનું ગુરુપૂજન કરીએ છીએ તે સ્વીકારજો ને અમને આપનામાં પૂર્ણપણે સમાઈ જવા – ઓગળી જવા – આપની સાથે પરમ અદ્વૈત સાધવા બળ, બુદ્ધિને પ્રેરણા આપજો !



અહોનિશ આપને જ રાજી કરી લેવાની જ પ્રવૃત્તિ કરવા અમને પ્રકાશ પાથરજો !

સાધુ શાન્તિદાસના

જય સ્વામિનારાયણ.

વૉકીગન મંદિર, ૨૩.૭.૯૬ (પૂ. યોગીબાપા સ્મૃતિદિન)